# બજેટ સામાન્ય.. ગૃહીણીઓના રસોડાને કોઈ ફાયદો નહીં પાંચ લાખ સુધી ટેકસમાં રાહત

*આજે રજુ કરાયેલુ બજેટ આમ નાગરિકોના પ્રશ્નોને ન્યાય મળે તેવુ નથી જયારે બજેટને અનુલક્ષી નાગરિકોની આશા અપેક્ષાઓ પણ ઠગારી નિવડી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. બીજીતરફ આ બજેટ ટેકસ સ્લેબમાં ૫ લાખ સુધીની છુટ અપાતા કરદાતાઓ માટે ફાયદાકારક હોવાની સાથે ટેકસ માટે વૈકલ્પિક વ્યવસ્થા પણ ઉપયોગી બની રહેશે તેમ પણ નિષ્ણાંતો જણાંવી રહ્યા છે. જયારે બજેટને સારુ અને મધ્યમવર્ગ લક્ષી તો ચુંટણીલક્ષી પણ ગણવામાં આવી રહ્યુ છે. જયારે આ બજેટના લીધે ગૃહીણીઓના રસોડાને કોઈ ફાયદો નહીં થાય તેમ પણ નિષ્ણાંતો જણાંવી રહ્યા છે.*

### આ બજેટમાં કરદાતાઓ માટે કોઇ વિશેષ રાહત નથી



આ બજેટ પર દેશના તમામ લોકોની નજર હતી જયારે દેશના આમ નાગરિકોએ બજેટને અનુલક્ષી મોટી આશા અપેક્ષા રાખી હતી.પરંતુ બજેટમાં કોઈ માટી જાહેરાત થઈ નથી જેના લીધે આ બજેટ સાવ સામાન્ય બનીને રહી ગયુ છે. જયારે કરદાતાઓ માટે પણ બજેટ વિશેષ લાભકર્તા પુરવાર થયુ નથી.બજેટમાં કોઈ મોટો ફેરફાર નથી ૮૦ સી માં મોટી રાહત આપી નથી આ બજેટ નોર્મલ છે. આ બજેટના લીધે કરદાતાઓને કોઈ વિશેષ ફેર નહીં પડે . આમ નાગરિકોને મોટી આશા હતી જે ફળીભુત થઈ નથી. ટેકસ સ્લેબ યથાવત રાખવામાં આવ્યો છે.

**હરિશ ત્રિવેદી (ટેક્સ એડવોકેટ)**

●●●

### કરદાતા નવી સિસ્ટમ અપનાવે તો રાહતો અને કપાતો ગુમાવશે



આજના બજેટ પર નજર કરીએ તો ઈન્કમટેક્ષ એકટમાં ઢગલાબંધ બદલાવ છે. એવી સ્કીમ છે કે વર્ષ ૨૦૧૬ના કોઈપણ કેસ હોય તેમાં ટેકસ ભરીને વ્યાજ અને દંડ ભર્યા વગર કેસનુ સમાધાન થઈ શકશે. જે સારી બાબત છે. જેના લીધે ખાલી અપીલના પેન્ડીંગ કેસ પુરા થશે જે સરકાર અને કરદાતા માટે પણ લાભદાયી પુરવાર થશે. ટેકસના સ્લેબમાં વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવી છે. ફાયદા નુકશાનનો તાગ મેળવી પોતાના કેસમાં સ્કીમ નક્કી કરવી પડશે. આજના બજેટમાં કરદાતાઓ નવી વૈકલ્પિક સિસ્ટમ અપનાવે તો રાહતો અને કપાતો ગુમાવી પડશે જેથી નિષ્ણાંતોની યોગ્ય સલાહ લઈ નક્કી કરવુ જોઈએ.

**રમેશ પુજારા (સી.એ)**

●●●



દેશનો સર્વાંગી વિકાસ કરતુ બજેટ છે. શિક્ષણ માટે વિશેષ ફાળવણી કરવામાં આવી છે. જયારે યુવાનોને પણ રોજગારી મળશે. લઘુઉદ્યોગોને પણ વેગ મળશે. જયારે જે કર્મચારીઓ છે તે બે વિકલ્પમાં પોતાનો ટેકસ ભરી શકશે. નવી ટ્રેનના લીધે પ્રવાસનને વેગ મળશે. આમ દેશનો સર્વાંગી વિકાસ કરતુ આ બજેટ નમુનારૂપ છે.

**કાર્તિક પટેલ (પુર્વ મેયર અને આચાર્ય)**

### દિશાવિહીન અને સમજણ વગરનુ બજેટ કોઇ રાહત નહીં



બિલકુલ દિશાવિહીન.. કોઈપણ સમજ વગરનુ... માત્ર પાર્લામેન્ટનો સમય વ્યતિત કરી આ બજેટ રજુ કરાયુ છે. આમા કિસાનોને ફાયદો નથી પણ નુકસાન છે. કારણ કે ખાતર પર સબસીટી ઘટાડવામાં આવી છે. તેમને કોઈ રાહત પેકેજ આપવામાં આવ્યુ નથી. અસહ્ય મોંઘવારી હોવાછતા પણ ઈન્કમટેક્ષ કે જી એસ ટી કરમાળખામાં વિશેષ રાહત આપવામાં આવી નથી. યુવાનોને રોજગારી માટેની કોઈ યોજના કે આયોજન આ બજેટ પરથી સ્પષ્ટ થતુ નથી. મધ્યમવર્ગ હોય કે અપર મિડલ ક્લાસ હોય તેમના માટે કોઈ આશાનુ કીરણ દેખાતુ નથી.સરવાળે સારુ ભાષણ અને માર્કેટીંગ કરી શકતા પ્રધાનમંત્રી આર્થિક મોરચે સરેઆમ નિષ્ફળ રહ્યા છે. દેશની એસેટ કહેવાય તેવા પબ્લીક સેકટરને વેંચવા બેઠા છે. જયારે ખાસ કરીને એલ આઈ સી માટે જે નિર્ણય જાહેર કર્યો તે દુખદ છે.

**નિશિત વ્યાસ**

●●●

### બજેટમાં થયેલી જોગવાઇનો યોગ્ય અમલ પણ જરૂરી




બજેટ સારુ છે. મધ્યમવર્ગ માટે સારુ છે બજેટમાં કરવામાં આવેલી જોગવાઈનો યોગ્ય અમલ થાય તે જરૂરી છે. જે પૈસા ફાળવ્યા છે તેનો ઉપયોગ થાય જે જરૂરી છે. કરદાતાઓને રાહત આપી છે સ્લેબ ઘટાડયો છે. પાંચ લાખ રૂપિયા સુધીની આવકમાં ટેકસ નહીં લાગે તે પણ આવકારદાયક બાબત છે . બજેટ સાચા અર્થમાં નાગરિકોને ઉપયોગી થાય તેનુ પણ વિશેષ ધ્યાન રાખવુ જોઈએ.

**અરૂણ બુચ (પ્રમુખ શહેર વસાહત મહામંડળ)**

●●●

### ગૃહીણીઓના રસોડાને કોઇ ફાયદો થશે નહીં



આજનુ બજેટ જુના પુરાણા જેવુ છે. આમ નાગરિકોને સ્વપ્ના દેખાડવાની વાત છે. મધ્યમવર્ગ માટે ૫ લાખ સુધી ટેકસ મર્યાદા કરી છુટ આપવામાં આવી છે જેનાથી થોડી રાહત થશે . ૨૦૨૪ ની લોકસભાની ચુંટણીને ધ્યાને લઈ પાંચ વર્ષનો લાંબા ગાળાનો કાર્યક્રમ રજુ કર્યો છે. બજેટના લીધે ગૃહીણીઓના રસોડામાં કોઈ ફાયદો નહીં થાય આમ નાગરિકોના પ્રશ્નોને ન્યાય મળે તેવી જોગવાઈ બજેટમાં નથી

**નયન ઉપધ્યાય (એકાઉન્ટન્ટ)**

# ભુલોથી ભરપુર દીશાસૂચક સાઈન બોર્ડ મુલાકાતીઓને ગોથે ચઢાવી રહ્યા છે

ગાંધીનગર તા ૧

શહેરના મુખ્યમાર્ગો પર વોક વે તેમજ સેન્ટ્રલ વર્જમાં પણ સાઈન બોર્ડસ મુકવામાં આવ્યા છે. સાઈન બોર્ડસ મુકવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા સાઈન બોર્ડસમાં મોટીમસ ભુલો જોવા મળી રહી છે. શહેરના ઘ માર્ગ પર ઘ-૩ નજીક સેન્ટ્રલ વર્જમાં સ્થિત બોર્ડસ ઉંધી દીશામાં અને અયોગ્ય જગ્યાએ લગાવી દેવાયુ છે. જયારે શહેરમાં ઘણાં ઠેકાણે તુટેલા અને વળેલા સાઈન બોર્ડસ સહીત વિશેષ ભુલો પણ નજરે પડી રહી છે.

શહેરના માર્ગો પર લાખોના ખર્ચે સાઈન બોર્ડસ લગાવાયા છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ નગરના મુખ્યમાર્ગો પર નવા સાઈન બોર્ડસ લગાવાયા હતા જયારે સેકટરોના આંતરિક માર્ગો પર




થોડા સમય અગાઉ જ કોર્પોરેશન દ્વારા નવા સાઈન બોર્ડસ મુકવામાં આવ્યા છે. શહેરમાં વિવિધ ઠેકાણે સાઈન બોર્ડસ જાવા મળે છે. ગાંધીનગર બહારગામથી આવતા મુલાકાતીઓ માટે ભુલભુલૈયા સમાન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે .જેના પરિણામે બહારથી આવતા મુલાકાતીઓને યોગ્ય દિશા આપવા માટે દીશાસુચક બોર્ડસ ઉપયોગી થાય છે. પરંતુ તંત્ર દ્વારા લાખોના ખર્ચે લગાવાતા સાઈન બોર્ડસ જ ઉંધા લગાવી દેવાતા મુલાકાતીઓ પણ ગોથે ચઢે તેવી સ્થિતિ છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર સે-૬ :૭ થી ઘ-૩ વચ્ચેના રૂટમાં ઉંધી દીશામાં માહીતી દર્શાવતુ બોર્ડસ ચિપકાવી દેવાયુ છે. જેના લીધે સ્થાનિકો પણ આ બોર્ડ જોઈને મુંઝવણ અનુભવે છે. જયારે બહારથી આવતા મુલાકાતીઓ પણ ગોથે ચઢે છે. શહેરમાં દીશાસુચક બોર્ડસ ઠેર ઠેર મુકાયા છે. પરંતુ હજુ કેટલાક ઠેકાણે આ પ્રકારના દિશાસુચક બોર્ડસ ઉંધી દીશામાં લગાવી દેવાયા છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં સાઈન બાર્ડસ મુકવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે નવા સાઈન બોર્ડસ વચ્ચે જુના કંગાળ અને કટાયેલા સાઈન બોર્ડસ પણ જોવા મળી રહ્યા છે.જેના લીધે સાઈન બાર્ડસની પેટર્નમાં પણ એકરૂપતા જળવાતી નથી. શહેરમાં સર્વે હાથ ધરીને આ પ્રકારની ભુલભુલૈયાવાળા બોર્ડસ દુર કરવા માટે પણ ત્વરિત કાર્યવાહી હાથ ધરાવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

# ઈઝ ઓફ લીવીંગ એન્ડ મ્યુનિ. ઈન્ડેક્ષ માટે નાગરિકોના ફિડબેક લેવા પોર્ટલ લોંચ કરાયુ

ગાંધીનગર, તા. ૧

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય અને શહેરી આવાસ નિર્માણ દ્વારા ઈઝ ઓફ લીવીંગ ઈન્ડેક્ષ એન્ડ મ્યુનિ. પરફોમન્સ ઈન્ડેક્ષ માટે શહેરીજનોના ફિડબેક લેવા માટે વેબ પોર્ટલ લોંચ કરવામાં આવ્યુ છે.

ડે. મ્યુનિ. કમિશ્નર દવેએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મોબાઈલ પર પણ તમે આ ફીડબેક આપી શકો છે.

શિક્ષણ, આરોગ્ય, આવાસ, સ્વચ્છતા કચરા નિકાલ પ્રથા, પેયજળ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, મહિલા સુરક્ષા અંગે તેમજ પર્યાવરણલક્ષી, વીજળી સપ્લાય જેવી બાબતોને આવરી લઈ ૨૪ જેટલા પ્રશ્નો આ ફિડબેકમાં પ્રત્યુત્તર રૂપે આપવાના છે.

આ ફિડબેકમાં સંતુષ્ટ, ખુબ સંતુષ્ટ, સંતોષ પણ નથી અને અસંતોષ પણ નથી, કેટલોક અસંતોષ છે, ખુબજ અસંતોષ છે. એના પર માત્ર ને માત્ર ટિક કરી આપવાનું છે. આજથી આ પોર્ટલ મનપામાં એક્ટીવ કરવામાં આવ્યુ છે અને નગરજનો વધુમાં વધુ પોતાના ફિડબેક આપે તે માટે મનપાના તંત્ર વતી તેમણે નગરજનોને અપીલ કરી છે.

તેમણે જણાવ્યુ હતુ કે આ અંગેના સંબંધિત વિભાગો પાસેથી પણ ભારત સરકાર દ્વારા વિગતો માંગવામાં આવી છે અને તે ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં રજુ કરવાની છે.

સીટી ઈજનેર ભરત પંડ્યાએ જણાવ્યુ હતુ કે સ્માર્ટસીટીને લઈ હાલ વિવિધ પ્રોજેક્ટસ અંતર્ગત કામગીરી ચાલી જ રહી છે.

તેમણે કહ્યું હતુ કે આ ફિડબેક એક મહિના સુધી એકત્રિત કરવામાં આવશે. ડે. કમિશ્નરશ્રીએ જણાવ્યુ હતુ કે આ ફિડબેક માટેનો કોઈ નિશ્ચિત સમયગાળો નથી.

# જિલ્લાના મહેસુલ કર્મયોગીઓની સ્વપ્ર સૃષ્ટિ ખાતે આજે ચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા કલેકટરના તમામ મહેસુલી કર્મચારીઓની એક દિવસીય ચિંતન શિબિર આજે સ્વપ્રસૃષ્ટિ ખાતે યોજાશે.

બે ભાગમાં આ ચિંતન શિબિરમાં ચિંતન કરવામાં આવશે. ચિંતન શિબિરના અંતે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય વહીવટીય વિઝન રજુ કરી સમાપન સમારોપ સંપન્ન કરશે.

આ ચિંતન શિબિર એરા, રિફોર્મ્સ અંગે, ટેનન્સી એક્ટ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, પર્સનલ ફાયનાન્સ મેનેજમેન્ટ, વર્ક-લાઈફ બેલેન્સ જેવા વિષયો પર ખાસ ચર્ચા સત્રો યોજવામાં આવ્યા છે.

ગીતા શર્મા, ભાવેશ શર્મા, મૌલિક સોની જેવા મોટીવેશનલ સ્પીકર્સ તેમજ ટેનન્સી એક્ટ અંગે એચ.એ. સૈયદ સાહેબ પ્રવચન આપનાર છે. સવારે ૧૦ વાગે શરૂ થનાર આ ચિંતન શિબિર સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે.

આમ તો આ ચિંતન શિબિર જાન્યુઆરીમાં યોજાવાની હતી પણ અન્ય સરકારી કાર્યક્રમો યોજાતાં હવે આ માસના આરંભે તે યોજવામાં આવી રહી છે.

જિલ્લાના ૩૦૦થી વધુ મહેસુલી કર્મચારીઓ આમાં ભાગ લેશે તેમજ તમામ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.







બેંક હડતાળ : રાષ્ટ્રવ્યાપી બે દિવસીય હડતાળથી ગાંધીનગર શહેરમાં ૧૫૦૦ કરોડના આર્થિક વ્યવહારો અટકી ગયા હતા. શહેરની રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારી સંગઠનોએ બે દિવસની હડતાળ પાડી હતી અને રોજ બપોરે બેંક ઓફ ઈન્ડિયા ખાતે સૂત્રોચ્ચાર દ્વારા દેખાવો કર્યા હતા.

# શહેરના ક માર્ગને સિકસલેન કરવાનુ કામ ટૂંકમાં શરૂ કરાશે

## ક-માર્ગને સિકસલેન બનાવવા ઉપરાંત ઘ-૫ થી ક-૭ વચ્ચેનો માર્ગ પણ સિકસલેન બનશે માર્ગને સિકસલેન કરવા પાછળ ૮ કરોડનો ખર્ચ કરાશે : ટુંકમાં કામગીરી શરૂ કરાશે

શહેરમાં ક માર્ગ તેમજ ઘ-૫ થી ક -૫ ને સિકસલેન બનાવવા માટે કામગીરી હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષી અંદાજિત રૂ ૮ કરોડનો ખર્ચ કરાશે જયારે આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરમાં લાંબા સમયના અંતે માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેરના નવા અને જુના સેકટરોમાં માર્ગ સુધારણાના કામો ઘણાં સમયથી બાકી છે. નવા સેકટરોમાં એક વર્ષથી મંજુરી થયેલા રસ્તાની કામગીરી આખરે શરૂ કરવામાં આવી છે. સે-૬ થી ૮માં આંતરિક માર્ગોનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં હજુ પણ બાકી રહેતી કામગીરી પુર્ણ કરવામાં આવશે નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ વર્ષો બાદ હાથ ધરાયુ છે. જયારે હજુ જુના સેકટરોમાં પણ કેટલાક ભાગોમાં રસ્તાના કામો બાકી છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના મુખ્યમાર્ગોના બ્યુટીફીકેશન તેમજ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જયારે વાઈબ્રન્ટ બાદ બાકી રહેતી કામગીરી અટવાતા હવે શરૂ કરવામાં આવી છે. નગરના ક માર્ગને પણ ખ માર્ગની જેમ સિકસલેન કરવા માટે આયોજન કરાયુ છે. જે અન્વયે ક -૦ થી ક-૭ સુધીનો માર્ગ સિકસલેન કરવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરી દેવાશે આ ઉપરાંત ઘ-૫ થી ક-૭ વચ્ચેનો માર્ગ પણ સિકસલેન કરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૮ કરોડનો ખર્ચ કરાશે. શહેરમાં ખ માર્ગ બાદ ગ માર્ગને સિકસલેન કરવાની યોજના અન્વયે કામગીરી શરૂ કરાયા બાદ હવે ક માર્ગને પણ સિકસલેન બનાવવા માટે આયોજન કરાયુ છે. જયારે સેકટરોના રીંગ રોડને પણ ફોરલેન બનાવવા ઉપરાંત એપ્રોચ રસ્તાને પણ ફોરટ્રેક કરવાનુ કામ પણ કોર્પોરેશન દ્વારા હાથ ધરાશે.

# કોરોના વાયરસ સંદર્ભે રાજ્ય કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા સજ્જ છે

## ચીનથી આવેલ ૬૪ મુસાફર હાલ નિરીક્ષણ હેઠળ : ભારતમાં ૧૭૭૧ પ્રવાસીઓ નિરીક્ષણ હેઠળ છે : ડો. જયંતિ રવિ

ગાંધીનગર,તા.૧

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યું છે કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ નોવેલ કોરોના વાઈરસને



"પબ્લિક હેલ્થ ઈમરજન્સી ઓફ ઈન્ટરનેશનલ કન્સર્ન" જાહેર કરી છે, ત્યારે ચીનથી પરત ફરી રહેલા નાગરિકોને તમામ પ્રકારની આરોગ્ય સારવાર પૂરી પાડવા ગુજરાત સરકાર સંપૂર્ણ સજ્જ છે. રાજ્યમાં નોવેલ કોરેનાનો એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી માટે નાગરિકોએ સહેજ પણ ગભરાવાની જરૂર નથી. આજે ગાંધીનગર ખાતે નોવેલ કોરોના વાઈરસ સંદર્ભે મીડિયાના મિત્રોને રાજ્ય સરકારે લીધેલા પગલાંઓની માહિતી આપતા ડૉ. રવિએ ઉમેર્યું કે, કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા મળેલ માહિતી મુજબ રાજ્યમાં ૬૪ મુસાફરો ચીનથી આવ્યા છે જેમાં મહેસાણા જિલ્લાના ૨૪, પંચમહાલના ૭, સુરત કોર્પોરેશન ૭, અમદાવાદ કોર્પોરેશનમાં ૪, વડોદરા કોર્પોરેશનમાં ૪, રાજકોટ કોર્પોરેશનમાંમાં ૩, જામનગર કોર્પોરેશનમાં ૨, આણંદ કોર્પોરેશનમાં ૩, અમદાવાદ, ભાવનગર, દાહોદ, જામનગર, જૂનાગઢ, મહિસાગર, પાટણ, સુરત, જૂનાગઢ કોર્પોરેશન અને ગાંધીનગર કોર્પોરેશનમાં એક-એક દર્દીનો સમાવેશ થાય છે. આ તમામ મુસાફરોની તબિયત સારી છે અને તમામ નું જિલ્લાના સર્વેલન્સ અધિકારી દ્વારા ઘરે જઈને મોનીટરીંગ પણ કરવામાં આવી રહ્યું છે. ચીન માં અભ્યાસ અર્થે કે ધંધાર્થે ગયેલા મુસાફરો જે પરત ફરી રહ્યા છે તે મુસાફરો ખાનગી હોસ્પિટલોમાં સારવાર લે તો આઈ.એમ.એ.ના સહકારથી તમામ ખાનગી ડોકટરોને સેન્સીટાઈઝ કરાયા છે. આ સાથે બાયસેગના માધ્યમથી દ્વારા તમામ જિલ્લા અધિકારીઓને પુરતું માર્ગદર્શન પણ રાજ્યકક્ષાએથી પૂરું પાડવામાં આવી રહ્યું છે. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં નોવેલ કોરાના વાયરસ ની સારવાર માટે દવાઓ, માસ્ક સહિત પૂરતા પ્રમાણમાં કીટ ઉપલબ્ધ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com